એપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ દ્વારા નેશનલ ડીઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) ની છઠ્ઠી બટાલીયનના સહયોગથી ગાંધીનગર નજીક સુઘડ કેનાલ પાસે આજે એક્સ્ટર્નલ ડીઝાસ્ટર મેગા મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. કુદરતી કે માનવસર્જીત હોનારત બને ત્યારે કેવો પ્રતિભાવ આપી શકાય છે તેની તૈયારીના ભાગરૂપે આ મોકડ્રીલ યોજવામાં આવી હતી. ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીએ પણ આ ડ્રીલ દરમિયાન હાજરી આપી હતી. નર્મદા કેનાલ નજીક એક હેવી મોટર એકસીડન્ટમાં મૃત્યુ સહિત ૨૫ થી ૩૦ વ્યકિતઓને નાની મોટી ઈજાઓ થઈ હોવાની સ્થિતિ ઉભી કરવામાં આવી હતી. આ દર્દીઓને એપોલો હોસ્પિટલ લવાયા હતા અને ઈજાઓ મુજબ અલગ અલગ વિભાગમાં મોકલાયા હતા. હોસ્પિટલ સ્ટાફની પણ ભુમિકા અને જવાબદારીઓ તપાસી લેવામાં આવી હતી.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૩ના ટોપર્સ

વિદ્યાર્થીનું નામ	શાળા	મેળવેલ ગુણ
આદિત્ય રાજેશકુમાર ઠક્કર	વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ	૪૭૯
અગ્રવાલ પ્રિયાંશ અવનેશ	સ્કૂલ ઓફ અચિવર	૪૭૮
શાહીલ ઈલીયાશ કુરેશી	શેઠ સી.એમ. હાઈ.	૪૭૬
ગુંજન વિનોદભાઈ રામાણી	શેઠ સી.એમ. હાઈ.	૪૭૪
રાજલ જયચંદ્રન મેનન	સે. ૮ સેન્ટ ઝેવિયર્સ	૪૭૩
શ્રુતી પુરુષોત્તમભાઈ કપોપરા	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર સરગાસણ	૪૭૧
લીસા કમલેશભાઈ પટેલ	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર સરગાસણ	૪૭૧
સંકેત ઉદીરકર	સે. ૮ સેન્ટ ઝેવિયર્સ	૪૭૦
આસ્વથી ચુલીપરમલીલ	સે. ૮ સેન્ટ ઝેવિયર્સ	૪૭૦
આદીત્ય કિરણસીંગ પરમાર	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૭૦
અમિત ધાગલચંદ ચૌધરી	વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ	૪૬૬
પટેલ કરણ હીતેન્દ્રકુમાર	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૬૪
એન્જિનિયર સિપ્રા સંદીપ	સેન્ટ ઝેવિયર્સ	૪૬૨
રોશની મહેન્દ્રભાઈ પટેલ	શેઠ સી.એમ. સે. ૨૩, હાઈ.	૬૪૨
દીપ જગદીશભાઈ કાપડીયા	શેઠ સી.એમ. સે. ૨૩, હાઈ.	૪૬૨
પટેલ હર્ષ	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૪૬૨
શાહીલ ગીરીશભાઈ પટેલ	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૬૧
ઈશાના દેવાકર ગોર	સ્કૂલ ઓફ અચિવર	૪૫૮
કુંતલ કેતનભાઈ નાયક	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૫૮
ઉર્વી તુષારભાઈ શાહ	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૫૮
કલ્ગી હીમાંશુભાઈ ત્રિવેદી	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૫૭
ક્રેનિલ પટેલ	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૪૫૭
સ્મિત રાજેન્દ્રભાઈ પટેલ	સ્કૂલ ઓફ અચિવર	૪૫૭
રીમા દિનેશભાઈ પટેલ	શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૫૫
પટેલ યશ પ્રવિણભાઈ	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૫૫
એશા અમરીશભાઈ પરીખ	સ્કૂલ ઓફ અચિવર	૪૫૪
રીધ્ધી થોરાત	સેન્ટ ઝેવિયર્સ	૪૫૪
દ્રોણ ત્રિવેદી	સેન્ટ ઝેવિયર્સ	૪૫૪
અભિષેક ગોહીલ	સેન્ટ ઝેવિયર્સ	૪૫૩
શાર્વિલ જયંતિભાઈ દુલેરા	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૫૩
મૌલિક વિનોદચંદ્ર પટેલ	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૫૩
સ્મિત રમણભાઈ પટેલ	શેઠ સી.એમ. હાઈસ્કૂલ	૪૫૩
મિહીર નિલેશભાઈ મહેતા	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૫૧
રોનાલ્ડ દિપકકુમાર પટેલ	સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર	૪૫૧
નિશાંત પ્રિયદર્શી	સેન્ટ ઝેવિયર્સ	૪૫૧
નફાડે સ્વપ્રીલ યુ.	ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ	
જૈન આશિષ એ.	ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ	

શહેરની ટ્રાફિક તેમજ સફાઈની સમસ્યા માટે આજે પ્રભારી સચિવે બેઠક બોલાવી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં વધતા જતા માર્ગ અકસ્માતના બનાવોને લઈ ટ્રાફિક તેમજ પાર્કિંગની વ્યવસ્થા સહિતના પ્રશ્નોની ચર્ચા માટે આજે જિલ્લાના પ્રભારી સચિવશ્રી સંજયપ્રસાદે જિલ્લાના અધિકારીઓ સાથે એક તાકીદની બેઠક યોજી છે.

જિલ્લાના પ્રભારી સચિવશ્રીએ તંત્રના અધિકારીઓની બોલાવેલી બેઠકમાં મહાનગરપાલિકાના પણ મહત્વના પ્રશ્નો જેવા કે વ્હીકલ પુલ, ઢોરના ડબ્બા માટેની જમીન તેમજ મુખ્યમંત્રી સ્વર્ણીમ શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ રૂ. ૩૭ કરોડની ગ્રાન્ટમાંથી થયેલ આયોજન અને તેના પ્રશ્નો તેમજ બાકી રહેલ રકમના આયોજન અંગે ચર્ચા વિચારણા કરનાર છે.

જિલ્લાના પ્રભારી સચિવે ગાંધીનગર શહેરના જ પ્રશ્નો ને લક્ષમાં રાખી આ મહત્વની બેઠક બોલાવી છે. આ બેઠકને લઈ તંત્રના અધિકારીઓએ પણ તૈયારીઓ શરુ કરી દીધી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી અકસ્માતના બનાવો વધી રહ્યા છે. આ અકસ્માતમાં પણ માથાના ભાગે ઈજાઓ વધુ થતી હોવાનું નોંધાયું છે. શહેરમાં ગતિ મર્યાદા નિયત કરતું જાહેરનામું પણ પ્રસિધ્ધ કરાયું છે. પરંતુ અમલીકરણ થતું નથી. આને લઈ વાહનો પૂરઝડપે માર્ગ પર દોડી રહ્યા છે. પ્રભારી સચિવશ્રીએ ટ્રાફિક નિયમન અંગે પોલીસ તંત્રએ કરેલી કામગીરી અંગેની વિગતો પણ માંગી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ જિલ્લા કક્ષાની કચેરીઓ માટે બનાવવામાં આવેલ બહુમાળી મકાન તૈયાર થઈ ચુકયું છે. તેનું લોકાર્પણ આગામી દિવસોમાં થવાનું છે ત્યારે આ બહુમાળી ભવનમાં જગ્યાની ફાળવણી પણ પછી કઈ કઈ જિલ્લા કક્ષાની કચેરીઓ માટે જમીનની જરૂરિયાત છે તેની પણ વિગતો પ્રભારી સચિવે માંગી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ઠપ્પ થયેલા વિકાસના કામોમાં ગતિ લાવવા માટે પણ તેઓ તંત્રના અધિકારીઓની રજુઆતો સાંભળી માર્ગદર્શન આપશે તેમ મનાઈ રહ્યું છે.

પ્રભારી સચિવશ્રીએ ગાંધીનગર શહેરની ગંદકી અને સફાઈ અંગે પણ વિગતો માંગી છે. ખાસ કરીને લેન્ડફિલ્ડ સાઈટ માટે બનાવવાના થતા વે બ્રીજ તેમજ ડોર ટુ ડમ્પીંગ પ્રોજેકટના અમલીકરણને લઈ થયેલ કામગીરી અને પ્રગતિ વિશે મનપા પાસે સ્પષ્ટ અહેવાલ માંગ્યો છે.

ગાંધીનગરમાં ઠંડી યથાવત

ગાંધીનગર, તા.૯

નજીવા ફેરફાર સાથે શહેરમાં ઠંડી યથાવત રહી છે. પારો ૧૧.૮ ડિ.સે. રહેતા વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા.

છેલ્લા અઠવાડિયાથી શહેરમાં એકધારું વાતાવરણ રહ્યું છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બહુ ફેરફાર નોંધાયા નથી. લઘુત્તમ તાપમાન ૧૨-૧૩ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રીની આસપાસ ઘુમી રહ્યું છે. સોમવારે લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિ.સે., મહત્તમ તાપમાન ૩૧.૬ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૭૦ ટકા અને સાંજે ૫૬ ટકા નોંધાયું હતું.

એટીએમ વાપરવાનું વધુ ખર્ચાળ થશે : એક વ્યવહારના રૂ. ૬ ચૂકવવા પડશે

ગાંધીનગર, તા.૯

પૈસા ઉપાડવા માટે એટીએમનો ઉપયોગ હવે વધુ મોંઘો થશે. બેંકો એટીએમના એક વ્યવહાર બદલ રૂ. ૬નો ચાર્જ લેવાની તૈયારી કરી રહી હોવાનું જાણવા મળે છે. બેંગ્લોરમાં એટીએમમાં એક મહિલા ઉપર થયેલા હુમલા બાદ બેંકો ઉપર એટીએમની સુરક્ષા વધારવાનું પ્રેશર આવી ગયું છે જે હેઠળ રીઝર્વ બેંકને વિવિધ બેંકોએ જણાવ્યું છે કે તેમના સુરક્ષા ખર્ચને

વહન કરવા માટે ગ્રાહકો પાસેથી લેવામાં આવતી ફીમાં વધારો કરવાની સંમતિ આપવામાં આવે.

રીઝર્વ બેંકને બેંકોએ જણાવ્યું છે કે ગ્રાહકોને મળતી વિના મૂલ્યે ટ્રાન્ઝેકશનની સીમાને પથી ઘટાડીને ૩ કરી દેવામાં આવે આ સિવાય બીજા ટ્રાન્ઝેકશન ઉપર પણ ફી વધારવાની પરવાનગી મળી શકે છે. બેંકોનું કહેવું છે કે એટીએમ ઉપર ગાર્ડની તૈનાતી અને એટીએમની બહાર સીસીટીવી કેમેરા જેવી સુવિધાઓ આપવી હોય તો ખર્ચ વધશે. જે જોતા ગ્રાહકોના ટ્રાન્ઝેકશન ઉપર લેવામાં દરમાં વધારો કરવામાં આવે.

કર્ણાટક અને તમિલનાડુમાં બેંકો માટે રાઉન્ડ ધ કલોક સુરક્ષા માટે ડેડ લાઈન આપવામાં આવી છે. એટીએમ ખાતે સુરક્ષા ગાર્ડ મુકવાનો ખર્ચ મહિને ૩૬ હજાર જેટલો આવે છે અને કેમેરા વગેરેનો ખર્ચ મહિને ૧૫ હજાર આવે છે. આ ખર્ચો ગ્રાહકોને કેડે લાદવાની તૈયારી બેંકોએ કરી છે. એક એટીએમ ઉપર સરેરાશ દરરોજ ૨૦૦ વ્યવહારો થાય છે. તેનો ખર્ચ અઢીથી છ રૂપિયા જેટલો થાય છે. હાલમાં ઘણી બેંકો અનલિમિટેડ ફ્રી ટ્રાન્ઝેકશનની સુવિધા આપે છે તેને આગામી દિવસોમાં બંધ કરવાની તૈયારી બેંકોએ શરુ કરી દીધી છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના અગ્રણી અને કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસના નિવાસસ્થાને "મિનાક્ષી"ના વાસ્તુપૂજન નિમિત્તે રાજ્યના રાજ્યપાલ ડૉ. કમલા ઉપરાંત કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર શ્રી અહમદ પટેલ, પ્રદેશ પ્રમુખ મોઢવાડિયા, વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા.
- "મિનાક્ષી"ના વાસ્તુપૂજનને લઈ શ્રી નિશીત વ્યાસે આજે નગરના ૭૦૦ જેટલા વિકલાંગ બાળકોને હેતથી જમાડ્યા હતા.
- કોમેડી સમ્રાટ જય ગજ્જર આજે જાણીતા આર્કીટેક શ્રી અશોક છનીયારાને ત્યાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવી રહ્યા છે.
- જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. સ્વરૂપ આજે એકાએક જ સીધા અધિક કલેક્ટર ડૉ. મોડિયાની ચેમ્બરમાં ગયા હતા. કેટલીક મહત્વની ચર્ચાઓ કરી હતી.
- જિલ્લા પંચાયતના ઉપપ્રમુખપદેથી રાજીનામુ આપનાર શ્રીમતિ ભીખીબેન ઠાકોરના રાજીનામાની આજે તંત્ર દ્વારા ખરાઈ કરવામાં આવી છે.

(તસવીર : દિપક જાની)

પાર્કિંગ - ગાંધીનગર સિવિલ હોસ્પિટલના છેલ્લા કેટલાક વર્ષોથી પાર્કિંગનો પ્રશ્ન શિરદર્દ બનતો હતો... હવે, પાર્કિંગની અલગ વ્યવસ્થા સુનિશ્ચિત કરાતા ડૉક્ટરો અને દર્દીઓના સગા-વ્હાલાઓ માટે સમસ્યા રહેશે નહીં.

બેસણું

અમારા ચિ. પુત્રશ્રી બળદેવભાઈ વિજાપુરવાળા (નિવૃત્ત મામલતદાર)ના ધર્મપત્ની **અ.સૌ. વિણાબેન** તા. ૬/૧૨/૨૦૧૩ શુક્રવારના રોજ દેવલોક થયેલ છે. બેસણું - લૌકિકક્રિયા તથા શોક વિધિ નીચે મુજબ રાખવામાં આવેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું.

બેસણું : તા. ૧૧/૧૨/૧૩ને સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે
લૌકિકક્રિયા : ૧૨/૧૨/૧૩ને ગુરૂવાર સમય : સવારે ૯-૦૦ થી
શોકવિધિ તા. ૧૬/૧૨/૨૦૧૩ને સોમવાર સાંજે ૪.૦૦ થી ૬.૦૦

સ્થળ : પ્લોટ નં. ૧૪૨૦/૧, સેક્ટર-૨બી, સ્વામિનારાયણ મંદિર પાછળ, ગાંધીનગર. મો. ૯૮૭૯૨ ૭૩૦૨૫, ૯૮૨૫૭ ૨૦૩૭૫, ૯૭૨૭૭ ૭૫૦૫૨

સ્વ. પિતાશ્રી સોમાભાઈ મુળજીભાઈ તથા
સ્વ. માતૃશ્રી વાલીબેન સોમાભાઈ પરમાર પરિવાર
પરમાર બળદેવભાઈ સોમાભાઈ (નિવૃત્ત મામલતદાર)

પરમાર માનાભાઈ સોમાભાઈ	રાજપાલ તુષાર (પુત્ર)
પરમાર પરષોતમભાઈ સોમાભાઈ	રાજપાલ જયેશ (પુત્ર)
પરમાર રમેશકુમાર સોમાભાઈ	રાજપાલ વિપુલ (પુત્ર)
પરીખ જગદીશકુમાર (જમાઈ)	પરીખ ફાલ્ગુનીબેન (પુત્રી)

જાહેર નિવિદા

માહિતી ખાતાના ઉપયોગ માટે લેસર પ્રિન્ટ પેપર ફેક્ષ મીશન ખરીદવા ટુ બીડ પદ્ધતિ દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવે છે. ટેન્ડરની નકલ, રજાના દિવસો સિવાય હિસાબી શાખા, માહિતી ખાતું, બ્લોક નં. ૭, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી તા. ૩૧/૧૨/૨૦૧૩ સુધી બપોરના બે વાગ્યા સુધીમાં રોકડા રૂ. ૫૦૦/- ચૂકવ્યેથી મળી શકશે. સદર ટેન્ડર ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે.

માહિતી/૧૮૬૪/૧૩-૧૪ માહિતી કમિશનર

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

Since 1986
અભય
Government Approved Contractor
Corporate Gathering
Celebrations • Exhibitions
Marriage • Reception
Parties • Seminars
ABHAY DECORATORS

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
રંગવાલા

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com